# Earthquake Relief Assistance for the people of Afghanistan

## અફઘાનિસ્તાનનાં લોકો માટે ભૂકંપ રાહત સહાયતા

24 જૂન, 2022

ભારે તબાહી અને મૂલ્યવાન જીવનનો નાશ કરનાર અફઘાનિસ્તાન પર 22 જૂન 2022 નાં રોજ આવેલા કમનસીબ ભૂકંપની ઘટના પર, પ્રથમ વાસ્તવિક પ્રતિભાવક તરીકે ભારત સરકારે અફઘાનિસ્તાનનાં લોકો માટે બે ઉડ્ડાનોમાં 27 ટન આપાત્તકાલિન રાહત સહાયતા મોકલી છે.

રાહત સહાયતામાં પારિવારીક તંબુઓ, સ્લીપિંગ બેગ, ધાબળાઓ, સ્લીપિંગ મેટ વગેરે સહિતની અતિ મહત્વની વસ્તુઓનો સમાવેશ થાય છે. મોકલેલ રાહત સામગ્રીઓ કાબુલમાં યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફૉર કોઓર્ડિનેશન ઑફ હ્યુમેનિટેરિયન અફેર્સ (UNOCHA) અને અફઘાન રેડ ક્રેસેન્ટ સોસાયટી (ARCS) ને સોંપવામાં આવશે.

હંમેશ મુજબ, ભારત અફઘાનિસ્તાનનાં લોકો સાથે એકતા સાથે ઉભો છે, તેઓ સાથે આપણે સદીઓ જૂના જોડાણો ધરાવીએ છીએ, અને અફઘાન લોકો સાથે તાત્કાલિક રાહત સહાયતા પ્રદાન કરવા નક્કર રીતે કટિબદ્ધ છીએ.

નવી દિલ્હી
24 જૂન, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.